જિલ્લામાં પ્રિ-મોન્સુન વાવણીનો આરંભ

૧૦ દિવસ મોડી વાવણી પણ ધીમી ગતિએ આરંભાઈ : કપાસના ઉત્પાદનમાં ૨૦૧૮-૧૯માં અગાઉના વર્ષોની તુલનામાં આંશિક ઘટાડો નોંધાયો હતો જ્યારે અન્ય પાકોમાં સરેરાશ જળવાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ચોમાસા પૂર્વે થતા વાવેતરનો ધીમી ગતિએ આરંભ થયો છે. વરસાદ જુલાઈ માસમાં આવશે તેવી સંભાવનાઓ વચ્ચે આ પ્રી-મોન્સુન વાવણીનું કામ આમ તો ૧૦ દિવસ જેટલુ મોડુ શરૂ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે પ્રી-મોન્સુન વાવેતર જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫૦૦ હેક્ટરમાં થયુ છે. મોટાભાગે ખેડૂતોએ કપાસની વાવણી કરી છે. જોકે ૨૦૧૮-૧૯માં કપાસના ઉત્પાદનમાં જિલ્લામાં ૨૦૧૭-૧૮ની તુલનામાં ઘટાડો જોવા મળ્યો છે. જોકે ૨૦૧૮-૧૯માં જિલ્લામાં ૪૫ ટકા જેટલો જ વરસાદ નોંધાયો હતો તે પણ નોધનીય છે.

હાલ જિલ્લામાં પ્રવર્તી રહેલી ગરમીના તીવ્ર પ્રકોપને લઈ ખેડૂતો વાવણી કરતાં ખેતરોને તપાવવાના મૂડમાં વધુ જોવા મળે છે.

જિલ્લામાં ગત વર્ષે ઓછા વરસાદને કારણે જમીનમાં ભેજનું પ્રમાણ જે હોવુ જોઈએ તે ઓછુ જોવા મળી રહ્યુ છે અને જમીનનો ભેજ ઓછો હોય તો ઉત્પાદન પર વિપરીત અસરો થતી હોવાથી ખેડૂતો વરસાદના આગમન પછી

● અનુસંધાન પાન-૭ પર

શહેરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં હરિયાળા વૃક્ષોની કટોતી સામે આક્રોશ

કાર્બન ગ્રહણ કરતા વૃક્ષોની કટોતીથી પર્યાવરણને પણ નુકશાન : પર્યાવરણ પ્રેમીઓમાં રોષ

ગાંધીનગર તા ૩૦

શહેરમાં વિકાસના અનેકવિધ કામો વચ્ચે હરિયાળી સામે ખતરો મંડરાયો છે. જયારે રોડ નેટવર્કના અનેક કામોના લીધે પણ લીલાછમ વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. શહેરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પણ છેલ્લા કેટલાક સમયથી હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. આ વૃક્ષોમાં પક્ષીઓ પોતાનો માળો બનાવી શકતુ નથી પરંતુ આ વૃક્ષ સૌથી વધુ કાર્બનડાયોકસાઈડ ગ્રહણ કરી પર્યાવરણ માટે ઉપયોગી થાય છે. આ પ્રવૃતિથી પર્યાવરણ પ્રેમીઓમાં નારાજગી વ્યાપી છે.

ગાંધીનગર હરિયાળીની દ્રષ્ટીએ પણ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. વિકાસના નવા આયામો વચ્ચે હરિયાળીનુ નિકંદન નિકળી રહ્યુ છે. રોડ નેટવર્ક વિસરતા પણ અનેક વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. વનતંત્ર દ્વારા વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. વૃક્ષોની કટોતી સામે નવા રોપાઓની વાવણી પણ પુરતી સંખ્યામાં કરવામાં આવતા હોવાનો દાવો પણ વનતંત્ર કરે છે. પ્રતિવર્ષ શહેરી વિસ્તારમાં પણ વરસાદી દિવસો દરમિયાન સંખ્યાબંધ વૃક્ષોની વાવણી કરવામાં આવે છે. પરંતુ વૃક્ષોની કટોતી પણ વિશેષ પ્રમાણમાં થાય છે. ત્યારે રીટ્રાન્સપ્લાન્ટની કામગીરી પણ હાથ ધરાય છે. જેના લીધે વૃક્ષોનો બચાવ થાય છે. પરંતુ શહેરમાં છેલ્લા દોઢ દાયકામાં વૃક્ષોની વિશેષ કટોતી થતા હાલ શહેરમાં હરિયાળીનુ જતન અને રક્ષણ કરવાનો મામલો પણ ચિંતાનો વિષય બન્યો છે. શહેરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને વિકસાવવા માટે અનેક પ્રયાસો થઈ રહ્યા છે. જયારે સહેલાણીઓ માટે પણ આ મનગમતુ પ્લેસ બની રહ્યુ છે. ઈન્દ્રોડા પકૃતિ ઉદ્યાનને સુરક્ષિત વન વિસ્તાર જાહેર કરાયો છે. આવા સંજોગોમાં પાર્ક વોર્ડનની કચેરી પાછળ મોટી સંખ્યામાં મંજુરી વિના જ હરિયાળા વૃક્ષોનુ છેદન થઈ રહ્યુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. વનવિભાગના પ્રતિનિયુકિત પર આવેલા કર્મચારીઓ અને અધિકારીઓએ આ હરિયાળા વૃક્ષોનુ છેદન કર્યુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં હરિયાળા વૃક્ષોની વિશેષ કટોતી થતા પ્રકૃતિ ઉદ્યાનમાં જ હરિયાળી સલામત ન હોવાનો આક્રોશ પણ પ્રકૃતિ પ્રેમીઓમાં ઉઠવા પામ્યો છે. જયારે કટોતી થયેલા આ વૃક્ષો વધુ કાર્બન ગ્રહણ કરતા પર્યાવરણ માટે લાભદાયી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

આંખના પલકારામાં ઓન ઓફ થતા ટ્રાફિક સિગ્નલ સમયમાં ફેર કરવા માંગ

ટ્રાફિક સિગ્નલ ઓન ઓફ કરવાના સમયમાં અસમાનતાથી ચક્કાજામ થાય છે : વાહનચાલકો ઉતાવળે જવાનો પ્રયાસ કરતા માર્ગ સલાતમી પણ જોખમાય છે

ગાંધીનગર તા ૩૦

શહેરમાં ટ્રાફિક સિગ્નલ જબુકતા થતા મુખ્યમાર્ગો પર પુરપાટ આવતા વાહનોમાં સર્કલો પર ગતિ નિયંત્રણ જળવાય છે. પરંતુ સર્કલ વિસ્તારમાં ટ્રાફિક સિગ્નલને ઓન ઓફ રાખવાના ટાઈમીંગ અંગે શહેરીજનોમાં રોષ ઉઠવા પામ્યો છે. ૧૦૦ સેકન્ડના વેઈટીંગ સામે માત્ર ૨૫ સેકન્ડ જ સિગ્નલ ઓન થતા ટ્રાફિકનુ સંચાલન ખોરવાઈ જતુ હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. જયારે આ મામલે એકવાર વધુ અભ્યાસ કરીને સિગ્નલ ઓન ઓફ રાખવાનો સમય નક્કી થાય તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

શહેરમાં વર્ષોના અંતે ટ્રાફિક સિગ્નલની લાઈટ જગમગતી થઈ છે. ગતિ નિયંત્ર વચ્ચે ટ્રાફિક સિગ્નલ પણ ન હોવાથી મુખ્યમાર્ગો પર અકસ્માતોનુ પ્રમાણ વધ્યુ હતુ. જો કે હાલ પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. પરંતુ ટ્રાફિક સિગન્લના લીધે મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો પર બેફામ જતા વાહનોને ગતિ મર્યાદામાં રાખવાનો અમલ ધીમે ધીમે થઈ રહ્યો છે. પરંતુ ટ્રાફિક સિગ્નલને ઓન ઓફ કરવાની સમય મર્યાદા અંગે નગરજનોમાં અનેક સવાલો મંડરાયા છે. જયારે આ મામલે અસમાનતા હોવાથી ટ્રાફિકની સમસ્યાને નિવારવાનુ હજુ અસરકારક બન્યુ નથી. શહેરમાં સર્કલો પર ટ્રાફિક સિગ્નલ પર જબુકતી લાલ લીલી લાઈટસના લીધે પીક અવર્સ દરમિયાન પલવારમાં જ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ યોગ્ય સંચાલન કરવા માટે માર્ગ સલામતીની દ્રષ્ટીએ મુકવામાં આવેલા ટ્રાફિક સિગ્નલમાં સિગ્નલ ઓફ રહેવાનો સમય ઓન કરતા વધુ રાખવામાં આવ્યો છે. ૧૦૦ સેકન્ડના વેઈટીંગ સામે ૨૫ સેકન્ડ જ સિગ્નલ ચાલુ રહેતુ હોવાથી ટ્રાફિકનુ સંચાલન યોગ્ય રીતે થતુ નથી. વાહનચાલકોઅ પણ બિનજરૂરી સમય ઉભા રહેવુ પડે છે. જયારે આંખના પલકારામાં બંધ થતા સિગ્નલને કોસ કરવા માટે વાહન ચાલકો ઉતાવળ કરતા અકસ્માત થવાનો ભય પણ પ્રવર્તયો છે. ત્યારે આ સ્થિતિનો પુરતો અભ્યાસ કરી યોગ્ય સમય માટે સિગ્નલ ખુલ્લુ રહે તેવી માંગ પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે.

મા તે મા... - 'મા'ના હરખની કોઈ સીમા જ નથી... એનો દિકરો પ્રધાનમંત્રી બને કે પરીક્ષામાં પાસ થાય, 'મા'ને હૈયે હરખ ન સમાય... સમગ્ર દેશની શાસનધૂરા સંભાળવા જઈ રહેલ પ્રધાનમંત્રી પદે પોતાના પુત્રની શપથવિધિ ટી.વી.ના માધ્યમથી નિહાળીને હિરાબાના હૈયામાં કેવો હરખ જાગ્યો છે તેની આ બોલતી તસવીર.... માતૃપ્રેમ જગતનો શ્રેષ્ઠ પ્રેમ છે... એ વર્ણન નહિ પણ અનુભૂતિનો વિષય છે....

હવે વાહન માલિકી- સરનામુ ચેન્જ કરવા નો-ડ્યુ પ્રમાણપત્ર રજુ કરવુ નહીં પડે

ગાંધીનગર સહીત તમામ આર ટી ઓ કચેરીને અમલ કરવા વાહન વ્યવ્હાર કમિશ્નરની સુચના

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર આર ટી ઓ કચેરી સહીત રાજયની અન્ય આર ટી ઓ કચેરીમાં પણહવે નો ડયુ સર્ટીફિકેટની જોગવાઈ રદ કરવામાં આવી છે. જેનાથી હવે આર ટી ઓ કચેરીમાં હવે વાહનની માલિકી તેમજ સરનામા ચેન્જ કરવાના કિસ્સામાં નો ડયુ સર્ટિફીકેટની માંગણી કરવામાં આવશે નહીં. જયારે આ નિર્ણયનો અમલ કરવા માટે પણ ગાંધીનગર આર ટી ઓ કચેરી સહીતના તમામ આર ટી ઓને વાહન વ્યવ્હાર કમિશ્નરે સુચના આપી છે.

રાજયની આર ટી ઓ કચેરીમાં વાહન -૪ સોફ્ટવેર કાર્યરત છે. જેમાં સમગ્ર રાજયમાં નોંધાયેલા વાહનોના ડેટા ડિઝિટલાઈઝડ કરવામાં આવ્યા છે. જેના લીધે તમામ વાહનોની સઘળી માહીતી ઓનલાઈન છે. જયારે વાહનોના પેન્ડીંગ મેમોની વિગત ઈ ચલણ સોફ્ટવેરમાં ઉપલબ્ધ છે. જેથી તેનુ ઓનલાઈન વેરીફીકેશન સરળતાથી થઈ શકે તેમ છે. જેના પગલે માલિકી સરનામા ફેરબદલના કિસ્સામાં નો ડયુ સર્ટિફીકેટની જોગવાઈ રદ કરવાનો નિર્ણય લેવાયો છે. જો વાહનનો ડેટા વાહન ૪ સોફ્ટવેરમાં ન હોય તો પણ અરજદારને એન ડી સી લાવવાનો આગ્રહ નહીં કરવા તાકીદ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

વડાપ્રધાન મને જે પણ કામ આપશે તેને હું નિષ્ઠાથી કરીશ : મનસુખ માંડવિયા

મનસુખ માંડવિયા સાઇકલ પર સવાર થઈને રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા : મંત્રી તરીકે પસંદગી કરવા બદલ નરેન્દ્ર મોદી, અમિત શાહનો આભાર : માંડવિયા

ગાંધીનગર,તા.૩૦

નરેન્દ્ર મોદીની નવી

સરકારમાં ગુજરાતમાંથી ત્રણ મંત્રીઓ શપથ લીધી. આ ત્રણ લોકોમાં ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ મનસુખ માંડવિયાનો સમાવેશ થાય છે. મનસુખ માંડવિયા નરેન્દ્ર મોદીની ગત સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. તેઓ મંત્રી પદના શપથ લીધી.

પોતાના નામની જાહેરાત બાદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મારા પર ફરીથી વિશ્વાસ મૂક્યો છે તેના માટે હું તેમનો ખૂબ ખૂબ આભાર પ્રગટ કરું છું. ગત સરકારમાં હું રોડ-ટ્રાન્સપોર્ટ, શિપિંગ અને કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રી હતો. આ વખતે વડાપ્રધાન મને જે પણ કામ આપશે તેને હું નિષ્ઠાથી કરીશ.

પોતાના સાઈકલ ચલાવાના શોખ વિશે વાત કરતા માંડવિયાએ જણાવ્યું કે, મારા માટે સાઈકલ ચલાવવી એક ફેશન નહીં પરંતુ ફેશન છે. હું સાંસદ હતો ત્યારે પણ સાઈકલ લઈને સંસદ જતો હતો,

● અનુસંધાન પાન-૭ પર

મનપામાં એડવાન્સ ટેક્સ ૧૬ કરોડ ભરાયો

૪૫૦ મહિલા મિલ્કતધારકોએ વિશેષ વળતરનો લાભ લીધો : આજે વળતર યોજનાનો અંતિમ દિવસ ગત વર્ષ કરતાં વધુ લાભ મિલ્કતધારકોએ મેળવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકામાં એડવાન્સ ટેક્સ ભરી વળતર મેળવવાની યોજનાનો આજે અંતિમ દિવસ છે. આજ સુધીમાં રૂ. ૧૬.૨૭ કરોડની આવક એડવાન્સ ટેક્સ પેટે મનપાને થઈ છે.

મહાનગરપાલિકાએ એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા વળતર ઉપરાંત ૨.૫ ટકા ઈ.પેમેન્ટનું વળતર આપવાની યોજના અમલમાં મુકી છે. આ ઉપરાંત મહિલા મિલ્કતધારકોને ૫ ટકા વિશેષ વળતર આપવાની પણ જાહેરાત કરી છે.

મનપાને ૨૦૧૯-૨૦માં એડવાન્સ ટેક્સ પેટે ૧૬.૨૭ કરોડની આવક થઈ છે જે ગત વર્ષ કરતાં અંદાજે બે કરોડ જેટલી વધુ આવક થઈ છે. તંત્રને આજે અંતિમ દિવસે આ આવક ૧૮ કરોડ સુધી પહોંચે તેવો અંદાજ છે. ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન એડવાન્સ ટેક્સ પેટે ૧૪.૯૦ કરોડની આવક થઈ હતી જે નોંધનીય છે. મહાનગરપાલિકા દ્વારા આ પછી વેરા વસુલી માટેની સઘન ઝુંબેશ ચલાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે. પહેલીવાર મહિલા મિકતધારકોને ૫ ટકા વિશેષ વળતર આપવાની યોજનાને સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું પણ મનપા તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજ સુધીમાં ૪૫૦ જેટલી મહિલા મિલ્કતધારકોએ એડવાન્સ ટેક્સની આ વિશેષ વળતર યોજનાનો લાભ લીધો હોવાનું જાણવા મળેલ છે.

એડવાન્સ ટેક્સ ભરનારાઓને કોઈ તકલીફ ના પડે તે માટે આજે અંતિમ દિવસ હોવાથી તંત્ર દ્વારા પણ વિશેષ વ્યવસ્થા હાથ ધરવાનું આયોજન કરાયુ છે જેથી વધુને વધુ લોકો વળતર યોજનાનો લાભ લઈ શકે.

નરેન્દ્ર મોદી સાથે કામ કરવાની તક સૌભાગ્ય સમાન : રૂપાલા

ગાંધીનગર,તા.૩૦

વડાપ્રધાન મોદી સાંજે મંત્રીપદના શપથ લીધી, ટીમ મોદીમાં ગુજરાતના ત્રણ સાંસદોને શપથ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. ગત મંત્રી મંડળમાં કૃષિ મંત્રીની રાજ્ય કક્ષાની જવાબદારી નિભાવનાર પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે દેશની જનતાએ જે મહાન મેન્ડેટ નરેન્દ્ર મોદીને આપ્યો છે, આવા કાળખંડમાં તેમની સાથે કામ કરવું એ સૌભાગ્ય છે.

રૂપાલાએ કહ્યું, "દેશની જનતાએ વોટિંગ કરી નરેન્દ્ર ભાઈ મોદીને નવા ભારતની રચના કરવાનો અવસર આપ્યો છે. આજે લોકતાંત્રિક પ્રક્રિયાના ભાગરૂપે આજે તેઓ શપથ લેશે અને આજ કાર્યક્રમને આગળ વધારશે."

તેમણે વધુમાં જણાવ્યું, "લોકતંત્રના આ પડાવમાં દેશના આ મહાન મેન્ડેટને નરેન્દ્ર મોદી ચરિતાર્થ કરવા જઈ રહ્યાં છે, આવા કાળખંડમાં મને તેમની સાથે કામ કરવાનો અવસર મળ્યો છે તેથી હું મારી જાતને ભાગ્યશાળી સમજુ છું અને પાર્ટીનું ઋણ સ્વીકાર કરૂ છું.

● અનુસંધાન પાન-૭ પર

તમાકુ વિરોધી દિવસની ઉજવણી પૂર્વે ત્રણ કચેરીઓમાં ટીમો ત્રાટકી દંડ વસુલ્યો

આજે આંબેડકર હોલમાં વિશેષ વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાની તમાકુ વિરોધી ટીમ આજે જિલ્લા પંચાયત, આરોગ્ય કમિશ્નરની કચેરી તેમજ નેશનલ હેલ્થ મિશનની કચેરીમાં ત્રાટકી હતી.

આ ટીમે કર્મચારીઓની ચકાસણી કરી હતી અને ૨૦ થી વધુ કર્મચારીઓ તમાકુનુ સેવન કરતા જણાતાં તેમની સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે રૂ. ૨૩૦૦ જેટલો તમાકુનુ સેવન કરતા કર્મચારીઓ પાસેથી દંડ વસુલવામાં આવ્યો છે. આગામી દિવસોમાં આ ઝુંબેશ વધુ સઘન બનાવવામાં આવશે. તેમણે કહ્યુ કે જિલ્લાની ઘણી કચેરીઓને ટોબેકો ફ્રી ઝોન જાહેર કરવામાં આવેલ છે.

દરમ્યાન આજે ૩૧ મે એ તમાકુ વિરોધી દિવસ તરીકેની

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તર ગુજરાતમાં બીલ્ડર્સ, એન્જીનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, ગર્વ. કોન્ટ્રાક્ટર્સ, RMC પ્લાન્ટ પ્રિકાસ્ટ ટાઈલ્સ ઉદ્યોગ, તેમજ ૧૧૬ કાઉન્ટર સાથે વિશાળ નેટવર્ક ધરાવતી ફર્મ
વડાગામ યુનીટ દ્વારા ઉત્પાદન
કપચી
બનાસ-પાટણ, સાબરમતી રેતી
રેતી
સ્ટોકયાર્ડ
કૈલાસ ટ્રેડર્સ -ગાંધીનગર
દર્શન- ૯૯૯૮૪ ૭૩૨૦૦ | નીતેષ - ૯૮૯૮૭ ૬૧૮૪૫
હાર્દિક - ૯૦૩૩૮ ૨૩૭૦૫ | નીલાક્ષ - ૮૧૪૦૦ ૨૫૬૩૫

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com